**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૭ ટકા

# નવીન શાહ હત્યાની ઘટનાનું રીકન્સ્ટ્રકશન

## પ્લાન કયાં ઘડાયો અને કેવી રીતે અપહરણ કરીને નવીન શાહની હત્યા કરી તે જાણવા એલસીબી દ્વારા આરોપીઓને સ્થળ પર લઈ જઈ રીકન્સ્ટ્રકશન કરાયું



ગાંધીનગર, તા.૬

ચકચારી હાઈપ્રોફાઈલ નવીન શાહ અપહરણ અને હત્યા પ્રકરણમાં ગાંધીનગર એલસીબીની ટીમે પકડાયેલા આરોપીઓને સાથે રાખીને સમગ્ર ઘટનાનું સ્થળ પર લઈ જઈ રીકન્સ્ટ્રકશન કર્યુ હતું. કયાં આ ઘટનાનો પ્લાન ઘડાયો હતો અને કેવી રીતે અપહરણ અને હત્યા થઈ તેની વિગતો સ્થળ પર જઈને તપાસનીશ અધિકારીએ સમજી હતી તો બીજી તરફ આ ગુનાના હજુ નાસતા ફરતા ગાંધીનગરના આરોપીઓને પકડવા તજવીજ શરુ કરવામાં આવી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત તથા તેમની ટીમે નવીન શાહના અપહરણ કરી ખંડણી માંગવાના ઈરાદે હત્યા કરી દેનાર ગેંગના મુખ્ય સુત્રધાર શૈલેષ પટેલ સહિત ચાર શખ્સોની ધરપકડ કરી લીધી છે. આ પ્રકરણમાં અત્યાર સુધીમાં ત્રણ ગાડીઓ પણ જપ્ત કરી લેવામાં આવી છે. ઘટના કેવી રીતે બની અને કયાં રૂટ પર નવીન શાહને લઈ જઈ હત્યા કરવામાં આવી તે સમગ્ર ઘટનાને જાણવા અને સમજવા તથા વધુ પુરાવાઓ એકત્ર કરવા માટે એલસીબીની ટીમે આજે ઘટનાનું રીકન્સ્ટ્રકશન કર્યુ હતું. તે ઉપરાંત આ ગુનામાં નાસતા ફરતા વધુ બે આરોપીને પકડવા તજવીજ શરુ કરવામાં આવી છે.

# કલ્પતરૂના સભ્યોએ અંધ બાળકો સાથે ફ્રેન્ડશીપ ડે ઉજવ્યો





ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન કંપની શહેરમાં અનેક સેવાકીય કાર્યોમાં પણ અગ્રેસર છે. સમાજના જરૂરીયાત લોકોને મદદ અને સંવેદન જગાવવાનું ઉમદા કાર્ય કરે છે.

આજે તેમની ટીમે સેકટર-૧૬માં આવેલી અંધશાળાના બાળકો વચ્ચે જઈ ફ્રેન્ડશીપ ડે ઉજવ્યો હતો. ટીમના સભ્યો સાત્વિક ત્રિવેદી, કે.ડી. ભાવસાર, સંજય થોરાત, કિર્તી, કંદર્પ, કેતન પટેલ, શત્રુધ્ન પંડયા અને સંજય નાયીએ આ બાળકો વચ્ચે પ્રથમ એકબીજાને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધ્યા હતા.

શાળાના અંધ બાળકોને સૌ મિત્રોએ સાથે મળી દરેકને વહાલ સાથે ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધતા તેઓ એના સ્પર્શ માત્રથી રોમાંચીત થઈ ઉઠયા હતા. આ સૌ બાળકોને મિઠાઈ ખવડાવી એમનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રજ્ઞાચક્ષુ સંચાલક રહેમાનભાઈની ખબર અંતર પૂછી એમને પણ જરૂરી મદદનું આશ્વાસન આપ્યું હતું. આજે જયારે સૌ પોત પોતાના મિત્રો વચ્ચે ફ્રેન્ડશીપ ડે બેલ્ટ બાંધી મોજ કરે છે ત્યારે કલ્પતરૂ પરિવારના આ મિત્રોએ અંધ બાળકોને મિત્ર બનાવી સમાજ સંવેદના જગાવવાનું ઉમદા કાર્ય કર્યુ છે.

# સે-૨૧ ખાતે રેસ્ટોરન્ટના કાઉન્ટર પરથી મોબાઈલ ચોરી જનાર શખ્સ પકડાયો



આરોપી- સુરેશભાઈ

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૨૧ આર વર્લ્ડ પાસે એક રેસ્ટોરન્ટના કાઉન્ટર પરથી ત્રણ દિવસ પહેલા એક મોબાઈલની ઉઠાંતરી થવા પામી હતી. ગાંધીનગર એસીબીની ટીમે ગઈ કાલે આ મોબાઈલ ચોરી કરીને ભાગી જનાર પાલજના યુવાન શખ્સને સે-૧૧ સિનેમેકસ થિયેટર પાસેથી પકડી પાડયો હતો. ચોરીનો મોબાઈલ રીકવર કરી એલસીબીની ટીમે તેની ઉંડી પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમના પી.એસ.આઈ. કૃણાલ પટેલ તથા સ્ટાફ ગઈ કાલે પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમીને આધારે સે-૧૧ સિનેમેકસ થિયેટરના પાર્કીંગ પાસેથી એક શકમંદ શખ્સને પકડયો હતો. પાલજ ગામમાં રાવળ વાસમાં રહેતા સુરશ બાબુ રાવળ નામના આ શખ્સને પકડી તેની તપાસ કરતાં એક સેમસંગ મોબાઈલ તેની પાસેથી મળી આવ્યો હતો. મોબાઈલ અંગે કડક પુછપરછ કરતાં બહાર આવ્યું હતું કે આ મોબાઈલ તેણે ત્રણેક દિવસ પહેલા ચોરી કર્યો હતો. સે-૨૧ આર વર્લ્ડ થિયેટરમાં ફિલ્મ જોવા ગયો ત્યારે સુરેશ રાવળ ચટકાઝ રેસ્ટોરન્ટમાં પાણી પીવા ગયો હતો. કાઉન્ટર ઉપર એક મોબાઈલ પડેલો જોયો એટલે તેણે મેનેજરની નજર ચુકવી આ મોબાઈલ બઠ્ઠાવી લીધો હતો અને રેસ્ટોરન્ટમાંથી રફફુચક્કર થઈ ગયો હતો. એલસીબીની ટીમે તેની ધરપકડ કરી મોબાઈલ રીકવર કરી પુછપરછ શરુ કરી છે. મળતી માહિતી મુજબ પકડાયેલા સુરેશ રાવળ સામે ચિલોડા પોલિસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૪માં રાયોટીંગનો ગુનો પણ દાખલ થયેલો હતો.



ઉત્તર ગુજરાતના બનાસકાંઠા તથા પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે હજારો પરિવારો બેઘર થવા પામ્યા છે અને અસંખ્ય નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. વિપદાની આ ઘડીમાં પૂરના અસરગ્રસ્તોને સહાયરૂપ થવા સેવા કાર્યમાં જોડાનાર હેપ્પી યુથ કલબ દ્વારા રવિવારે સવારે સેકટર-૧૬ ખાતે મૃતાત્માઓના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રાર્થના સભામાં શહેરના સામાજિક અગ્રણીઓ પ્રદિપસિંહ વાઘેલા, જીલુભા ધાંધલ, એડવોકેટ અશ્વિન ત્રિવેદી, કટારલેખક સંજય થોરાત, નાટયકાર હસમુખ મેકવાન ઉપરાંત ગિરિશસિંહ વાઘેલા, વિજયસિંહ ચાવડા, સંજયસિંહ ચાવડા, અનિલ પરમાર તથા વિજયસિંહ માજીરાણા અને સમીર રામી સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મૃતાત્માઓની શાંતિ અર્થે પ્રાર્થના કરી મૌન પાળી સંવેદના વ્યકત કરવામાં આવી હતી.

## શહેરમાં બ્રહ્મસમાજ દ્વારા શ્રાવણી ઉજવાશે

ગાંધીનગર, તા.૬

અમદાવાદ-ગાંધીનગરમાં વસતા શ્રી સમસ્ત સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રહ્મ સમાજના પરિવારજનો દ્વારા દર વર્ષે શ્રાવણીની ઉજવણી કરવામાં આવે છે. તે રીતે આવતીકાલે શ્રાવણીના દિવસે એટલે કે તા.૭ ઓગસ્ટના રોજ સવારે ૮.૩૦ કલાકે સેકટર-૭ના સરકારી કોમ્યુનીટી હોલમાં મંડળના સભ્યો ઉપનયન પરિવર્તન સંસ્કાર વિધી કરશે. સદાનંદ શાસ્ત્રી દ્વારા શાસ્ત્રોકત વિધી પ્રમાણે જનોઈબદલાવવામાં આવશે. પરિવારના તેજસ્વી તારલાઓનું આ પ્રસંગે સન્માન કરવામાં આવશે. તેમજ મંડળની સામાન્ય સભા પણ આ પ્રસંગે મળશે તેમ મંડળના પ્રમુખ વિનોદરાય જોષીએ જણાવ્યું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**બાબુલાલ જે સુથાર**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર મારી કર્મભૂમિ છે, આ શહેરે મને ઓળખ અપાવી છે, નવા સ્નેહીઓ પણ મેળવી આપ્યા છે એટલા માટે અને શાંત, પ્રદૂષણથી મુક્ત તથા હરિયાળું નગર છે એટલા માટે પણ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત, એકમેક સાથે સરળતાથી ભળી જનારા અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

અનેક પ્રકારની સંસ્થાઓ તથા વ્યક્તિઓ આ શહેરમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે, જેનાથી શહેરની સુવાસ રાજ્ય બહાર સુધી ફેલાઈ છે. એ સૌને મારા સલામ છે.

**નગરને બહેતર બનાવવા**

નગરમાં વડીલો જેટલા કાર્યશીલ ને સંવેદનશીલ છે એટલી જ કાર્યશીલતા ને સંવેદનશીલતા યુવાવર્ગમાં પણ જગાવવામાં આવે તો નગરને અવશ્ય બહેતર બનાવી શકાય તેમ છે.

**નગર માટે હું કરી શકું**

સેવા અને યુવા વિકાસના કાર્યક્રમો માટે મારી સઘળી સહાય શહેરને પૂરી પાડવા માટે હું સદાય તત્પર છું.

# હું તેમની લાડકી હોવાથી ભાઈ મારી જ વાત માનશે

## બાળપણમાં અગાશીમાંથી પડી જવાને કારણે માથામાં થયેલ ઈજાથી માનસિક દિવ્યાંગતા પામેલા એક ભાઈની સારસંભાળમાં બહેન તેની જીંદગી ખર્ચી રહી છે!!

**સંબંધ સજાવે જિંદગી**
**સમીર રામી**

ગાંધીનગર, તા.૬

'બહેના ને ભાઈ કી કલાઈ સે પ્યાર બાંધા હૈ, પ્યાર કે દો તાર સે સંસાર બાંધા હૈ'. વર્ષ ૧૯૭૪માં 'રેશમ કી ડોરી' ફિલ્મ માટે ગીતકાર શૈલેન્દ્રએ લખેલું આ ગીત ભાઈ-બહેનના રક્ષાબંધન પર્વનું મહત્વ અને આ સંબંધમાં રહેલા સ્નેહને સુંદર રીતે સમજાવે છે કે આ ગીત આજે પણ એટલું જ લોકપ્રિય છે. એક ભાઈ બહેનની આંખમાં આંસુ ન આવે તે માટે આખી દુનિયા સામે લડવા ઉભો થઈ જાય કે આખી દુનિયાથી નાસીપાસ થયેલા ભાઈને બહેનની પ્રેમભરી હૂંફ અને પ્રેરણા ભાઈના જીવનમાં નવી ઉર્જા પેદા કરે તેવા અઢળક કિસ્સા આપણી ચોપાસ જોવા મળતા હોય છે. ગાંધીનગરમાં પણ હાલ એક એવા ભાઈ-બહેનની જોડી રહે છે. જેમાં અકસ્માતે સર્જાયેલી ભાઈની માનસિક અને શારીરિક દિવ્યાંગતામાં બહેનની સારસંભાળ અને લાગણી ભાઈ માટે જીવનની ચેતના બની રહી છે.

ગાંધીનગરમાં છેલ્લા બે-એક વર્ષથી એક જાણીતી શિડયુલ્ડ બેંકમાં નોકરીમાં બદલી પામીને રહેવા આવેલા મહિલા બેંક કર્મચારી 'સંતોષ' મૂળ રાજસ્થાનના જયપુરના વતની છે અને દિલ્હી, ચંદીગઢ, જયપુર જેવા શહેરોથી માંડીને વિવિધ રાજયોના ગામડાઓમાં પણ નોકરી કરી ચૂકયા છે. માતા-પિતાના પાંચ સંતાનોમાં સૌથી નાના એવાં સતોષના સૌથી મોટા ભાઈ દેવેન્દ્રકુમાર જયારે માત્ર દોઢેક વર્ષના હતા ત્યારે રમતા રમતા ઘરની અગાશીએથી નીચે પડી ગયા હતા અને તેમને માથામાં ઈજા થવા પામી હતી. કલાકો સુધી દવાખાનામાં બેભાન રહેલા દેવેન્દ્રને તબીબોએ એક તબક્કે એવું કીધું કે તેમને ૨૪ કલાક સુધી કંઈ જ ખાવા આપવાનું નથી. પરંતુ મા-બાપ ભૂખ્યા બાળકને બીસ્કીટ ખવડાવવા વિનંતી કરતા હતા તે સાંભળીને બેહોશીમાંથી જાગી ગયા હતા. જો કે સાજા થયા બાદ તેમના મગજમાં ઈજાની કોઈ ગંભીર અસર રહી ગઈ હશે તેની તે સમયે ખબર પડી નહોતી પરંતુ તેઓ જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ તેમના સ્વભાવમાં ચિડિયાપણું, ગુસ્સો અને જીદ વધવા લાગ્યા હતા. જો કે આ સ્વભાવને ઘરના સભ્યો બાળક સહજ અથવા લાડના કારણે હોવાનું માની ચલાવી લેતા હતા. આ સાથે તેમને વાઈ, ખેંચ આવવાની બિમારી લાગુ પડી ગઈ હતી. જેથી તેમનાથી નાના ભાઈ અને ત્રણ બહેનો મોટા ભાઈનો ખૂબ ખ્યાલ રાખતા અને નાનાભાઈ પ્રદીપની સંભાળના કારણે દેવેન્દ્ર ધોરણ-૯ સુધી ભણ્યા પરંતુ ત્યાર બાદ બંનેની સ્કૂલ અલગ થઈ જતા દેવેન્દ્ર માટે ભણવું મશ્કેલ બન્યું હતું. આ સમયે પિતાની નોકરીના કારણે તે પરીવાર પંજાબના લુધિયાણા જિલ્લામાં વસવાટ કરી રહ્યો હતો. જો કે દેવેન્દ્રની યાદશકિત બહુ તેજ હતી અને તેમને હિંદી, અંગ્રેજી અને પંજાબી ખુબ સરસ આવડતું હતું પરંતુ તેમની માનસિક તકલીફ વધતા તેમને શાળા છોડી દેવી પડી હતી. સંતોષ સૌથી નાની બહેન હોવાને કારણે દેવેન્દ્રની ખૂબ લાડકી હતી.



શાળા છુટી ગયા બાદ મા-બાપે દેવેન્દ્રને દિવ્યાંગ શાળાઓ માટે પણ પ્રયત્ન કરી જોયો પરંતુ તેમને દિકરાને હોસ્ટેલમાં મૂકવો નહોતો એટલે છેવટે ઘરે રાખી જ સંભાળ રાખવા લાગ્યા. એક દિવ્યાંગ શાળામાં દેવેન્દ્ર ખુરશીની દોરી ભરવાનું કામ સારી રીતે શીખ્યા હતા પરંતુ અન્ય મોટા બાળકો સુખી ઘરના દેવેન્દ્રના સ્વભાવનો ગેરલાભ ઉઠાવી હેરાન કરતા હોવાથી તે શાળા પણ છોડવી દેવી પડી હતી. ધીમે ધીમે પરિવારના નાના ભાઈ પ્રદીપ અને અન્ય બે મોટી બહેનોના લગ્ન થઈ ગયા અને સંતોષને પણ સારી નોકરી મળી ગઈ દેવેન્દ્રની સાર સંભાળ માતા અને નિવૃત્ત પિતા સંભાળતા હતા પરંતુ દેવેન્દ્ર તે સમયે શારિરીક રીતે સક્ષમ હોવાથી શકય હોય ત્યાં સુધી પોતાનું બધું જ કામ જાતે જ કરવાનો આગ્રહ રાખતા હતા. ઘરમાં તેમના લીધે બીજાને હેરાન ના થવું પડે તેવી તેમની લાગણીના કારણે એકવાર બપોરે માતા સૂઈ ગયા હતા ત્યારે રસોડામાં એકલા ચા બનાવવા ગયા. આ દરમિયાન ગરમાગરમ ચાની તપેલી દેવેન્દ્રના શરીર પર પડવાથી શરીરે ખૂબ દાઝી ગયા હતા. આ સારવાર દરમિયાન તેમની તમામ સારસંભાળ સંતોષે ઉઠાવી લીધી હતી પરંતુ આ ઘટના પછી દેવેન્દ્રકુમારને ડિપ્રેશન વધવા લાગ્યું અને તેમની બિમારી વધતી ચાલી હતી. નિયમીત ટીવીમાં ન્યુઝ જોવાના અને અખબાર વાંચવાના શોખીન દેવેન્દ્રની સારવાર માટે અનેક તબીબોને બતાવાયું પરંતુ તેમની બિમારીનો સંપૂર્ણ ઈલાજ શકય નહોતો જણાયો. છેલ્લા એક વર્ષથી તેમની તકલીફ વધી ગઈ અને શારીરિક નબળાઈ પણ ખૂબ આવી ગઈ જેના કારણે તેમને ઘૂંટણની સર્જરી કરાવવી પડી, દવાઓની આડઅસરને કારણે દાંત પડી ગયા તો નવા આર્ટિફિશિયલ દાંત લગાડયા અને દરરોજ તેમને ફિજિયોથેરેપીની સારવાર આપવી પડે છે આમ છતાં અનેકવાર નાના બાળકની જેમ પથારીમાં ઝાડો-પેશાબ કરી જાય છે. તેમની આ પરિસ્થિતિમાં સંતોષ નવડાવવા ધોવડાવવાથી માંડીને તમામ પ્રકારની સાર સંભાળ ખૂબ જ પ્રેમથી માવજત પૂર્ણ રીતે કરી રહ્યા છે.

પોતાનું જમવાનું કે દવા સમયસર મળે તો જ લેવાના આગ્રહી દેવેન્દ્ર આજે ૫૮ વર્ષના થયા છે અને સંતોષે લગ્ન નથી કર્યા. ભાઈની સારસંભાળ તેનું નોકરી સાથેનું મુખ્ય કાર્ય છે. દેવેન્દ્ર હજુ પણ દરેકની ચિંતા એટલી કરતા હોય કે જયારે ઘરના સભ્યો રાત્રે સૂતા હોય અને તેઓ જાગી જાય તો દરેકને ચાદર ઓઢાડવી, જેનું ઓશીકું ખસી ગયું હોય તેને ગોઠવી આપવું તેવા કામ કરવા લાગે છે. આ દરમિયાન તેઓ પડી ના જાય તેનું ધ્યાન રાખવું પડે એટલે સંતોષ સદાય ચોકસાઈ રાખે છે. નાનપણથી રક્ષાબંધનમાં બહેનને શીખ આપ્યા વગર રહેતા નથી અને દર વર્ષે તેમાં વધારો પણ કરતા રહે છે. વર્ષ ૨૦૧૩માં તેમનું હર્નિયાનું પણ ઓપરેશન કરાવવું પડયું હતું. દેવેન્દ્રકુમાર વર્ષોથી શિવરાત્રિ અને જન્માષ્ટમી બંનેના ઉપવાસ અચૂક રાખે છે તે ના રાખવા તેમને ગમે તેટલું સમજાવો પણ માને જ નહીં. જો કે સંતોષ કહે છે કે 'ભાઈને મારી સાથે લાગણી વધુ હોવાથી તેમન કંઈ પણ જોઈતું હોય તો હંમેશા મારી પાસે જ માંગે છે.' એટલું જ નહી પરંતુ તેઓ 'મારી વાત જલ્દીથી માની જાય છે.' હવે તો માતાને પણ ઘૂટણનું ઓપરેશન કરાવેલ હોઈ તથા દેવેન્દ્રની વધતી ઉંમરને કારણે સ્વભાવ વધુને વધુ જીદી થતો જતો હોઈ તેમની ખાસ સંભાળની જવાબદારી સંતોષ પર જ છે. અને સંતોષને હજુ પણ ભાઈને સાજો કરવો છે એટલે કોઈએ કહ્યું કે ચેન્નઈમાં 'સ્ટેમસેલ ટ્રીટમેન્ટ'થી તેમને ફાયદો થશે તેથી હવે સંતોષ દેવેન્દ્રની સારવાર ચેન્નઈ કરાવવા લઈ જવાનું પ્લાનીંગ કરી રહી છે. આવો હોય છે બહેન ભાઈનો સાચો પ્રેમ.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

## @ગાંધીનગર

- સેકટર-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં બહુવિધ સુકામેવાના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.
- સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે રાખડીના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.
- શ્રી રામધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે રાખડીના કલાત્મક હિંડોળાના દર્શન તથા રામકથા યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન રતિલાલ રાવલ પ્લોટ નં. ૨૯૯/૨, કિસાનનગર ખાતે રાખવામાં આવેલ છે.

## ભારત માતા મંદિર સે-૭ ખાતે સવા લાખ રૂદ્રાક્ષના મહા શિવલીંગના દર્શનનું આયોજન

ગાંધીનગર, તા.૬

દેવાધિ દેવ મહાદેવના પાવન પવિત્ર શ્રાવણ માસમાં શિવજીને રિઝવવા ભકતજનો અનેક રીતે પૂજા, વ્રત, તપ, અનુષ્ઠાન, પૂજન, દર્શન કરતા હોય છે. એમાં પણ નિરાકાર અને સાકાર સ્વરૂપ એ શિવલીંગનું અનેરું મહત્વ રહેલ છે અને શિવજીના અશ્રુબુંદમાંથી ઉત્પન્ન રૂદ્રાક્ષના દર્શન પૂજનનો દિવ્ય મહિમા રહેલ છે. પણ એક સાથે રૂદ્રાક્ષના સવા લાખ મણકાના શિવલીંગના દર્શન કરવાથી એક સાથે બાર જયોર્તિલીંગના દર્શન સમાન માનવામાં આવે છે. આવા ભવ્ય સવા લાખ રૂદ્રાક્ષના મહાશિવલીંગનું ભારત માતા મંદિર, સે-૭-એ શાકમાર્કેટ પાછળ આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા ભકતજનોને પ્રેમભર્યું હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

## સે-૨૧ ઓશીયા હાઈપર મોલમાં ચોરી કરતી બે મહિલા પકડાઈ

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૨૧ ખાતે આવેલા ઓશીયા હાઈપર મોલમાં ગઈ કાલે બે મહિલાઓ ખરીદી કરવાના બહાને મોલમાં ઘુસ્યા બાદ કેટલોક સામાન ચોરી કરીને પહેરેલા કપડામાં સંતાડી દીધો હોવાનું કેમેરામાં કેદ થયું હતું. સીસીટીવીનું મોનીટરીંગ કરતા મોલના સ્ટાફનું ધ્યાન જતા બંને મહિલાઓને ચોરી કરતા પકડી પાડી હતી. આ મામલો પોલિસ સ્ટેશનમાં પહોંચ્યો હતો પરંતુ મોલ માલિકે અંતે ચોરેલો મુદ્દામાલ રીકવર કરીને મહિલાઓ સામે ફરિયાદ કરવાનું ટાળ્યું હતું અને પોલિસ કેસ ન કરી બંને મહિલાઓને ફરીથી આ કૃત્ય ન કરવા માફી મંગાવી મુકત કરી હતી.

## ચિરવિદાય

- સ્વ. પટેલ શાંતાબેન રમણલાલ, ઉ.વ. ૯૧
- સ્વ. ભલીબેન બાબુભાઈ મારવાડી, ઉ.વ. ૭૦
- સ્વ. રાજેશકુમાર ચતુરભાઈ ઠાકોર, ઉ.વ. ૫૦
- સ્વ. પટણી રમીલાબેન લક્ષ્મણભાઈ, ઉ.વ. ૫૬